દૂધમંડળીનું ઓડિટ તો ચોખ્ખું નીકળ્યું, પણ ઓડિટરની દાનત બગડી!

દૂધમંડળીના ઓડિટ માટે લાંચ લેતા સ્પેશિયલ ઓડિટર સહિત બે ઝડપાયા

વ્યારાના ઉંચામાળામાં મિલ્ક ઓડિટ માટે 15 હજારની લાંચ માંગી હતી

વ્યારાઃ સુરત ACBએ વ્યારાના ઉંચામાળા ગામે દૂધમંડળીના ઓડિટ માટે આવેલ ઓડિટ કાર્યાલય સુરતના સ્પેશિયલ ઓડિટર સહિત અન્ય એક આરોપી 15 હજારની લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

મળતી માહિતી મુજબ વ્યારાના ઉંચામાળામાં દૂધમંડળીના ઓડિટ માટે આવેલા ઓડિટર ધર્મેશ રતિલાલ વસાવા ઓડિટર ગ્રેડ-2 (મિલ્ક) સોનગઢ, વર્ગ-3 સ્પેશિયલ ઓડિટર મિલ્ક ઓડિટ ઓફિસ નાનપુરા સુરત ખાતે ફરજ બજાવે છે. જેણે ઉંચામાળા ગામે દૂધમંડળીના નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન ઓડિટ કર્યું હતું અને કોઈપણ જાતની ભૂલ વિનાનો ઓડિટ રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

એ વેળા ઓડિટર ધર્મેશે ગત મહિનામાં દૂધમંડળીના ઓડિટમાં ક્ષતિરહિત રિપોર્ટના અવેજ પેટે ફરિયાદી પાસેથી 15 હજારની માંગ કરી હતી.

જેની ફરિયાદ ACB કચેરીમાં કરવામાં આવતાં સુરત ACBની ટીમે છટકું ગોઠવી વ્યારાના ઉંચામાળા પેટ્રોલ પંપની સામે જાહેર રોડ ઉપર ઓડિટર ધર્મેશના સાગરિત જેતલકુમાર સુજીતભાઈ ગામીતને રૂપિયા 15 હજારની લાંચ લેતાં રંગે હાથ ઝડપી પાડ્યો હતો અને ACBએ લાંચિયા ઓડિટર ધર્મેશ સહિત તેના સાગરિત જેતલકુમાર બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માંડવીમાં ટાંકી તૂટવાની ઘટનામાં એજન્સીને ૧.૦૪ કરોડનો દંડ

સુરત જિલ્લાનાં ૩૪ ગામોને પાણી આપવા ૩.૨૪ કરોડથી વધુ મંજૂર

ગાંધીનગર : રાજ્યમાં છેવાડાના નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા છેલ્લા ૨૫ વર્ષમાં ૨૦ હજારથી વધુ પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે સુરત જિલ્લાના ગાય પગલાં સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં ૩૪ ગામોને પાણી પહોંચાડવા માટે રૂ.૨૪ કરોડથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે.

પટેલે જણાવ્યું હતું કે સુરત જિલ્લાના તાડકેશ્વર ગામે હરિયાળ સબ હેડવર્ક્સ ખાતે ૯ લાખ લિટર ક્ષમતાની નવી પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન ધરાશાયી થઈ હતી. આ ટાંકી માટે રૂ.૯૪.૮૪ લાખ મંજૂર કરવામાં આવ્યા હતા અને એજન્સીને રૂ.૮૩.૪૫ લાખ ચૂકવવામાં આવ્યા હતા. ઘટનાને પગલે રાજ્ય સરકારે એજન્સી પાસેથી રૂ.૧.૦૪ કરોડની રકમ પરત વસૂલ કરી છે તથા એજન્સી સામે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. આ ઘટનામાં કસૂરવાર અધિકારીઓને ફરજમાંથી મોકૂફ કરવામાં આવ્યા છે અને સંબંધિત આરોપીઓ હાલ જેલ હવાલે છે. સાથે જ એજન્સીના અન્ય કામોની પણ કડક સ્થળ તપાસ કરવામાં આવી રહી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું કે વિસ્તારના નાગરિકોને પાણી પુરવઠામાં અડચણ ન આવે તે માટે આ જ સ્થળે તાત્કાલિક નવી પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવશે.

ઈડીએ 183 કરોડના પોન્ઝી સ્કેમમાં ભરૂચથી બે ગુજરાતીને ઝડપી લીધા

પકડાયેલા સુધીર કોટડીયા અને ઉમંગ કોટડીયાએ ગુજરાત અને મહારાષ્ટ્રના રોકાણકારોને વળતરની લાલચ આપી લૂંટ્યા હતા

થાણે પોલીસમાં આ બંને સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી, બંને દુબઈ ભાગી ગયા હતા અને નેપાળથી ભારત પરત આવ્યા હતા

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શુક્રવારે જણાવ્યું હતું કે તેણે ગુજરાતના ભરૂચ જિલ્લામાંથી 180 કરોડ રૂપિયાના ડિજિટલ પોન્ઝી સ્કીમ કેસમાં બે 'ફરાર' આરોપીઓની ધરપકડ કરી છે, જ્યાં તેઓ દુબઈથી નેપાળ થઈને પાછા ફર્યા બાદ 'છુપાઈ' રહ્યા હતા. સુધીર દલસુખભાઈ કોટડિયા અને ઉમંગ સંતીભાઈ કોટડિયાને 11 માર્ચે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. કેન્દ્રીય તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે QFON એપ લિમિટેડ અને અન્ય સંકળાયેલી સંસ્થાઓ દ્વારા સંચાલિત છેતરપિંડીપૂર્ણ ડિજિટલ રોકાણ યોજના (પોન્ઝી) સંબંધિત તપાસમાં તેમના પર આરોપ છે. એજન્સીના જણાવ્યા અનુસાર, મુંબઈની એક ખાસ PMLA કોર્ટે બંનેને 20 માર્ચ સુધી ઈડી કસ્ટડીમાં મોકલી દીધા છે.

ઈડીનો કેસ ડિસેમ્બર 2024માં થાણે પોલીસે બે આરોપીઓ અને જયસુખ સખારિયા અને ઉમંગ કોટડિયા નામના અન્ય લોકો સામે ડિજિટલ પોન્ઝી રોકાણ યોજના ચલાવવા બદલ દાખલ કરેલી FIR પરથી શરૂ થયો છે. એજન્સીએ દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલા બે આરોપીઓ ફરાર હતા અને ઇરાદાપૂર્વક તપાસથી બચી રહ્યા હતા. તેઓ દુબઈ ભાગી ગયા હતા અને બાદમાં નેપાળ રૂટ થઈને ભારત પાછા ફર્યા હતા. સતત પ્રયાસો અને ગુપ્ત માહિતી આધારિત ટ્રેકિંગ પછી, ઈડી એ આરોપીઓને શોધી કાઢ્યા અને ધરપકડ કરી. ભરૂચમાં દરોડા પાડ્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી, ઈડી એ જણાવ્યું હતું. એવો આરોપ છે કે આરોપીઓએ ગુજરાત અને મહારાષ્ટ્રના નિર્દોષ રોકાણકારોને બે થી 10.5 ટકા સુધીના વળતરના વચન પર ઉપરોક્ત પોન્ઝી યોજનામાં ભંડોળ જમા કરાવવા માટે લલચાવ્યું હતું.

તેઓએ દાવો કર્યો હતો કે ઓનલાઇન જાહેરાત જોવા અને એપ્લિકેશન-આધારિત ડિજિટલ પ્રવૃત્તિઓ દ્વારા વળતર જનરેટ કરવામાં આવશે. ઈડીએ જણાવ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે નવા રોકાણકારો પાસેથી એકત્રિત કરાયેલા ભંડોળનો ઉપયોગ અગાઉના થાપણદારોને વળતર ચૂકવવા માટે કરવામાં આવ્યો હતો જ્યારે ભંડોળનો નોંધપાત્ર ભાગ આરોપીઓ દ્વારા ઉપાડી લેવામાં આવ્યો હતો. આ ભંડોળ આરોપીઓ સાથે સંકળાયેલી કંપનીઓ, સંસ્થાઓ અને વ્યક્તિઓના બહુવિધ બેંક ખાતાઓ દ્વારા મોકલવામાં આવ્યું હતું, અને કેટલાક ભંડોળ આંગડિયા ઓપરેટરો (ગેરકાયદેસર રોકડ પરિવહન એજન્ટો) દ્વારા રોકડમાં પણ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ કેસમાં ગુનાની રકમ 183 કરોડ રૂપિયા હોવાનું એજન્સીએ જણાવ્યું છે.

રાજ્યમાં ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે : ભૂપેન્દ્ર પટેલ

કાળાબજારી રોકવા રાજ્ય-જિલ્લા સ્તરે મોનિટરિંગ કમિટીઓ રચાઈ



ગાંધીનગર : રાજ્યમાં ગેસ સિલિન્ડરની અછત અંગે ઉઠેલી ચર્ચાઓ વચ્ચે રાજ્ય સરકાર હરકતમાં આવી છે.

ગેસ સિલિન્ડરની કાળાબજારી અને સંગ્રહખોરી અટકાવવા રાજ્યસ્તરે મોનીટરીંગ કમિટીની રચના કરવામાં આવી છે. પુરવઠા વિભાગના અગ્રસચિવ મોના ખંધારની અધ્યક્ષતામાં આ કમિટી કામ કરશે. સાથે જ રાજ્યના દરેક જિલ્લામાં પણ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મોનીટરીંગ કમિટીઓ બનાવવામાં આવી છે.

આ મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં ગેસ સિલિન્ડરની કોઈ અછત નથી અને નાગરિકોએ અફવાઓથી દોરાવાની જરૂર નથી. દરેકને સરળતાથી ગેસ ઉપલબ્ધ રહે તે માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.

વિધાનસભા ગૃહમાં ઉઠેલા પ્રશ્નના જવાબમાં પુરવઠા મંત્રી રમણ સોલંકીએ જણાવ્યું હતું કે રાજ્યમાં એલપિજી ગેસની સ્થિતિ પર સરકાર સતત નજર રાખી રહી છે.

હાલ રાજ્યમાં અંદાજે ૪.૧૬ લાખ ગેસ સિલિન્ડર ઉપલબ્ધ છે અને ગૃહિણીઓ, સંસ્થાઓ તેમજ હોસ્પિટલોને ગેસ સરળતાથી મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

ABVPએ 48 કલાકનું અલ્ટિમેટમ આપતા મોડી રાત્રે નિર્ણય પાછો ખેંચી લીધો

VNSGUમાં સરકારી બેઠકોમાં 50% ઘટાડાનો વિરોધ

ફી 3 હજારથી સીધી 20 હજાર સુધી પહોંચવાની ભીતિ

સુરતઃ સુરતની VNSGU ફરી એકવાર વિવાદોના કેન્દ્રમાં આવી છે. યુનિવર્સિટી પ્રશાસન દ્વારા વિવિધ ફેકલ્ટીના અનેક વિષયોમાં સરકારી બેઠકોમાં 50 ટકા કરતાં વધુનો ઘટાડો કરાતા વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ નિર્ણયના વિરોધમાં વિદ્યાર્થી સંગઠન ABVP દ્વારા યુનિવર્સિટી કેમ્પસ ખાતે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેના કારણે આ નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો છે.

ABVPના આક્ષેપ મુજબ યુનિવર્સિટીએ કુલ 14 જેટલા વિષયોમાં સરકારી બેઠકોમાં મોટાપાયે ઘટાડો કર્યો છે. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સોશિયોલોજી અને ઇકોનોમિક્સ જેવા મુખ્ય વિષયોમાં અગાઉ 63 જેટલી સરકારી બેઠકો ઉપલબ્ધ હતી, જેને હવે ઘટાડીને માત્ર 30 જેટલી કરી દેવામાં આવી છે. આ નિર્ણયને કારણે અનેક વિદ્યાર્થીઓ માટે સસ્તું અને સહેલાઈથી મળતું શિક્ષણ મુશ્કેલ બની જશે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિદ્યાર્થી નેતાઓના જણાવ્યા અનુસાર સરકારી બેઠકો પર અગાઉ અંદાજે 3,000 રૂપિયાની ફી લેવામાં આવતી હતી, જ્યારે હવે બેઠકો ઘટતા વિદ્યાર્થીઓને સેલ્ફ-ફાઈનાન્સ કોર્સમાં પ્રવેશ લેવાનો વારો આવશે, જ્યાં 15,000 થી 20,000 રૂપિયા સુધીની ફી ચૂકવવી પડશે. આથી મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ મેળવવું વધુ મુશ્કેલ બની શકે છે. ABVP દ્વારા યુનિવર્સિટી પ્રશાસનને સ્પષ્ટ રીતે માંગ કરવામાં આવી છે કે સરકારી બેઠકો ઘટાડવા અંગેનો પરિપત્ર તાત્કાલિક અસરથી પરત ખેંચવામાં આવે. તમામ 14 વિષયોમાં અગાઉની જેમ સરકારી બેઠકો યથાવત રાખવાની માંગ સાથે સંગઠને 48 કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે. જો આ સમયગાળામાં નિર્ણય પરત લેવામાં નહીં આવે તો સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉગ્ર આંદોલન શરૂ કરવાની ચીમકી આપવામાં આવી છે. જેથી આ નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો હતો.

પિતાનું અવસાન થયું હોવા છતાં પુત્રીએ પરીક્ષા આપી

કઠોરની શાળાના શિક્ષકનું બેભાન થવાથી મોત નીપજ્યું હતું

સુરત : પિતાના અવસાનના બીજા દિવસે પણ પુત્રીએ પરીક્ષા આપી હતી. મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના વતની અને હાલ કામરેજ વિસ્તારમાં અંબિકા રેસિડન્સીમાં રહેતા ૫૦ વર્ષીય ભવાનભાઈ સીથરભાઈ હડિયા પરિવાર સાથે રહેતા હતા. તેમને એક પુત્ર અને એક પુત્રી છે. ભવાનભાઈ કઠોર પ્રાથમિક શાળામાં શિક્ષક હતા.ગુરુવારે બપોરે ભવાનભાઈ ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી પુત્રી દિપ્તીને સેક્રેટરીયલ પ્રેક્ટિસનું બોર્ડનું પેપર હોવાથી આબ્રામા પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ સ્કૂલના પરીક્ષા કેન્દ્ર પર મોપેડ પર મૂકવા ગયા હતા. પુત્રીને પરીક્ષા કેન્દ્ર પર મૂક્યા બાદ તેઓ મોટા વરાછા ખાતે એ.આર. મોલમાં પોતાના પુત્રની ઓફિસ તરફ જવા નીકળ્યા હતા. તેમને પુત્રને મોબાઈલનું સ્ટેન્ડ આપવાનું હતું.

મોટા વરાછા ખાતે સુદામા ચોક નજીક અતિશય ગરમીને કારણે ભવાનભાઈને તબિયત લથડવા લાગી અને તેમને ચક્કર આવતાં તેઓ ચાલુ મોપેડ પરથી બેભાન થઈને રોડ પર ઢળી પડ્યા હતા. આસપાસના લોકોએ તરત જ તેમને બેભાન હાલતમાં નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા, પરંતુ ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ચાલુ કોર્ટમાં...

એસિડ એટેકની ઘટના બની હતી. 70 વર્ષીય આયુર્વેદિક ડોક્ટર અને તેમની 61 વર્ષીય પત્ની વચ્ચે છેલ્લા ઘણા વર્ષોથી મતભેદ ચાલી રહ્યા હતા અને બંને અલગ-અલગ રહેતા હતા. પત્ની દ્વારા ભરણપોષણ માટે દાખલ કરાયેલા કેસની સુનાવણી દરમિયાન જ આ હુમલો થયો હતો. કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે આરોપી પતિ કાપડની કોથળીમાં એસિડની બોટલ છુપાવીને લાવ્યો હતો. યોગ્ય તક જોઈ તેણે અચાનક પત્ની પર એસિડ ફેંકી દીધું હતું. એસિડ સીધું મહિલાના ચહેરા અને માથા પર પડતા તેઓ ગંભીર રીતે દાઝી ગઇ હતી. ઘટના બાદ કોર્ટ રૂમમાં હાજર વકીલો અને પક્ષકારોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.ઇજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે પાર્લે પોઇન્ટ સ્થિત ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મહિલાના વકીલના જણાવ્યા મુજબ એસિડના કારણે મહિલાની એક આંખને ગંભીર નુકસાન થયું છે અને ડોક્ટરો તેમની દ્રષ્ટિ બચાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. હુમલા બાદ આરોપી પતિએ પોતાની કોથળીમાંથી ઝેરી પાવડર જેવો પદાર્થ ગટગટાવી લીધો હતો. ત્યારબાદ તેને પણ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. કોથળીની તપાસ દરમિયાન પોલીસને તેમાં એસિડની બોટલ ઉપરાંત એક નાની ડાયરી પણ મળી આવી હોવાનું જાણવા મળ્યું છે. વકીલોના જણાવ્યા મુજબ પતિ-પત્ની વચ્ચે છેલ્લા ૪ થી 10 વર્ષથી વિવાદ ચાલી રહ્યો હતો. કોર્ટ દ્વારા મહિલાને દર મહિને 10 હજાર રૂપિયાના અંતરિમ ભરણપોષણનો આદેશ આપવામાં આવ્યો હતો. આરોપી આ રકમ ચૂકવવા ઇચ્છતો ન હોવાને કારણે ગુસ્સામાં આવી આવી કૃત્ય કર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દાદાએ પહેલા પડીકામાથી મોઢામાં કંઈક નાંખ્યું હતુ

લાંબા સમયથી ચાલતી પ્રોસિડીંગને કારણે લોકોની માનસિક સ્થિતિ કેવી બની જાય એ આ ઘટના પરથી સ્પષ્ટ નજરે પડે છે તેમ એડવોકેટ સંગીતાબેન ખૂટે જણાવ્યું હતું. આ ઘટના બની ત્યારે તેઓ પણ કોર્ટ રૂમમાં ઉપસ્થિત હતા આજે સુનાવણી દરમિયાન દાદાએ પડીકામાંથી કંઈક મોઢામાં નાંખ્યાં બાદ પોતાની પાસેની બોટલ પત્ની પર રેડી દીધી હતી.

પતિ મોડી સાંજે પણ સિવિલમાં બેહોશ હાલતમાં

પત્ની કોર્ટમાં એસિડ એટેક કરી ઝેરી દવા પી જનાર પતિને સિવિલમાં ખસેડાયો ત્યારે તે બેહોશ હતો.

નવી સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડોક્ટર પ્રિયંકા કંથારિયાએ જણાવ્યું હતું કે, પેશન્ટને દાખલ કરાયા ત્યારે તેમની સાથે કોઈપણ સગા અથવા અન્ય કોઇ વ્યક્તિ ન હતું. દર્દીનો કેસ પેપર પણ અજાણ્યા તરીકે કાઢવામાં આવ્યું હતું. દર્દી બેભાન હાલતમાં હતો. પરંતુ 108 એમ્બ્યુલ્સના કર્મીના કહેવા મુજબ, દર્દીને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ દર્દીનો MLC પણ કરવામાં આવ્યું હતું. જોકે થોડાક સમય બાદ વકીલ સહિત તેના પરિવારના લોકો આવી ગયા હતા. હાલ દર્દીને વધુ સારવાર માટે વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે અને તે સાંજે 6 વાગ્યાં સુધી બેભાન હાલતમાં જ હતો.

મહિને 10...

આ રકમ ચૂકવવા તૈયાર નહોતો અને તે કારણે બંને વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. અગાઉ પણ પતિએ પત્ની પર ચપ્પુથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ વિવાદનો અંત કોર્ટરૂમમાં એસિડ હુમલા જેવી ગંભીર ઘટનાથી આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે.

કેટલાક વકીલો...

છાંટા ઉડયાં હતાં. પતિએ મોઢામાં કંઈક નાંખતા વકીલે ટકોર કરી હતી. પાંચ રૂપીયા વાળી પાણીની બોટલમાં એસિડ લવાયું હતુ ડાયસ પરથી જ્યે તુરંત ૧૦૮ બોલાવવાનું કહી એસિડ ફેંકનારને પકડી લેવા પોલીસને કહ્યું હતું

૪ વર્ષના...

અને લાંબો ઘા પડી ગયો છે. બાળક લોહીલુહાણ થઈ ગયું હતું.

બાળકની ચીસાચીસ સાંભળી પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા. મહામુસીબતે બાળકને શ્વાનના પંજામાંથી છોડાવવામાં આવ્યો હતો.

બાળકની હાલત ગંભીર હોવાથી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાળકના મોં પર શ્વાને એટલા જોરથી બચકાં ભર્યાં હતાં કે ગાલનો ભાગ ફાટી ગયો છે. બાળકની માતા રેખા કુશવાહે જણાવ્યું કે, મારો દીકરો ઘર પાસે રમી રહ્યો હતો, ત્યારે અચાનક આ શ્વાને હુમલો કર્યો હતો. આ વિસ્તારમાં ૧૦થી ૧૨ શ્વાનોનો ભયંકર ત્રાસ છે. બાળકો અને મહિલાઓ ઘરની બહાર નીકળતાં પણ ડરે છે.

પારસ મિલના...

હતા. દેશની સુપ્રિમ કોર્ટે સાફ શબ્દોમાં આ કામગીરી ઉપર પાંબદી ફરમાવી છે. ઇનફ્લુએન્ટ ટેન્ક સાફ કરવા માટે માણસોને બદલે મશીનરી ઉતારવા અંગે ડાયરેકશન આપ્યા હતા. સુરત મહાનગરપાલિકાએ પણ આ અંગે વખતો વખત સબંધીત તમામ લોકોને વખતોવખત તાકિદ કરી હતી. પરંતુ તેમછતાં કેટલાંક મૂડીપતિઓ કાયદાને ગજવામાં મૂકીને મન ફાવે તેમ મજૂરો પાસે કામ કરાવતા હોય છે. પારસ ડાંઇગમાં ઇનફ્લુએન્ટ ટેન્કમાં ચાર મજૂરોના ગુંગળામણને કારણે મોત નિપજયા હતા. જેને પગલે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની રીઝયોનલ ઓફિસની ટીમ અકસ્માત સ્થળે દોડી ગઇ હતી. રીઝનોયલ ટીમએ ફોટા અને વિડીયોગ્રાફી સહિત રિપોર્ટ તૈયાર કરી વડી કચેરીને સબમીટ કરી દીધો હતો.

આ પ્રકરણની ફાઇલ આજે જીપીસીબીના ચેરમેન સુધી ગઇ હતી. જેમા જીપીસીબીના ચેરમેનએ પારસ ડાંઇગ મીલને તાત્કાલિક અસરથી કલોઝન આપી પ્લાન્ટ બંધ કરવા આદેશ આપ્યો હતો.

જીપીસીબીના સૂત્રોનુ માનીએ તો પારસ ડાંઇગ મીલ સામે પર્યાવરણીય કાયદાઓના સરેઆમ ભંગ બદલ 25 લાખનો દંડ ફટકારી તાત્કાલિક અસરથી મીલ બંધ કરવા આદેશ આપ્યો છે. આ અંગે વીજ કંપનીને પણ જાણ કરી વીજ પુરવઠો કાપી નાંખવા આદેશ આપી દેવાયો છે. પારસ ડાંઇગ મીલના માલિકો પાસે જીપીસીબીએ બેન્ક ગેરંટી પણ માંગી છે. જીપીસીબીના કડક પગલાને લઇને ફાટીને ધુમાડે ગયેલા મીલ માલિકોમાં ફફડાટ ફેલાઇ જવા પામ્યો છે.

મનિષ જૈનને...

બચાવી લેવા તરફડીયા મારવાના શરૂ કરી દીધા છે. પોલીસે મીડિયાને પણ ગેરમાર્ગે દોરવા કોશિશ કરી હતી. પોલીસ આ મામલે ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગે માલિકનું નામ ન આપ્યુ હોવાથી ગુન્હો દાખલો કરયો નહોતા. તેવો ઉડાઉ જવાબ આપ્યો હતો. પરંતુ પોલીસની શંકાસ્પદ કામગીરી વચ્ચે રાજય સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ તરફથી પારસ ડાંઇગના સંચાલક મનિષ જૈનને નોટિસ ફટકારી ફેક્ટરી લોઝના વાયોલેશન હેઠળ ખટલો માંડવા તૈયારી કરી દીધી છે.

કોમર્શિયલ, LPG...

જણાવ્યું છે કે, દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો અને વેપારીઓનું અગ્રણી પ્રતિનિધિત્વ કરતી અગ્રણી સંસ્થા તરીકે પ્રદેશના ઉદ્યોગોની સમસ્યાઓ સરકાર સુધી પહોંચાડવા સતત પ્રયત્નશીલ છે. અમારા ધ્યાન પર આવ્યું છે કે ગલ્ફ પ્રદેશમાં ચાલી રહેલી યુદ્ધ જેવી પરિસ્થિતિ અને LPGના પુરવઠા પર લાગેલા પ્રતિબંધોના કારણે સુરત શહેર તથા આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કોમર્શિયલ LPG સિલિન્ડરની સપ્લાયમાં અછત સર્જાઈ રહી છે. આ પરિસ્થિતિનો લાભ લઈ કેટલાક તત્વો દ્વારા સિલિન્ડરની સંગ્રહખોરી (hoarding) કરવામાં આવી રહી હોવાની ફરિયાદો મળી રહી છે. સામાન્ય રીતે આશરે રૂપિયા 1200 જેટલી કિંમત ધરાવતો એક કોમર્શિયલ LPG સિલિન્ડર હાલમાં રૂપિયા 4500 જેટલા વધારાના દરે વેચવામાં આવી રહ્યો છે, જે સ્પષ્ટ રીતે કાળાબજારી દર્શાવે છે.

આ પરિસ્થિતિને કારણે નાના તથા મધ્યમ ઉદ્યોગોને ભારે આર્થિક બોજ સહન કરવો પડી રહ્યો છે તેમજ તેમના રોજિંદા ઉત્પાદન કાર્ય પર પણ નકારાત્મક અસર પડી રહી છે. વધુમાં, સુરતના વિવિધ ટેક્સટાઇલ ક્લસ્ટરોમાં આવેલી મજૂર વસાહતોમાં પણ LPG સિલિન્ડરની સપ્લાય અસરગ્રસ્ત થવા લાગી છે. જો આ પરિસ્થિતિ યથાવત્ રહેશે તો આ સમસ્યા ટૂંક સમયમાં ગંભીર સંકટનું સ્વરૂપ ધારણ કરી શકે છે અને ઔદ્યોગિક વિસ્તારોમાં મજૂરોમાં અસંતોષ તથા અવ્યવસ્થા જેવી પરિસ્થિતિ ઊભી થવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

આવી સંગ્રહખોરી અને કાળાબજારી જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ બજારમાં અસ્થિરતા ઊભી કરે છે અને ઉદ્યોગો તેમજ મજૂરો બંને માટે મુશ્કેલી ઊભી કરે છે. જેથી આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપી સંબંધિત વિભાગોને જરૂરી તપાસ કરવા સૂચના આપશો અને કોમર્શિયલ LPG સિલિન્ડરના પુરવઠાને નિયમિત બનાવવા તેમજ સંગ્રહખોરી અને કાળાબજારી અટકાવવા યોગ્ય કડક કાર્યવાહી કરશો, જેથી ઉદ્યોગોને તથા મજૂર વસાહતોને યોગ્ય દરે અને સરળતાથી સિલિન્ડર ઉપલબ્ધ થઈ શકે.

ગેસની અછતને...

પરંતુ હજારો રત્નકલાકારો અને શ્રમિકો માટે સવાર-સાંજ મળવાનું મનગમતું સ્થળ છે. કતારગામ GIDC વિસ્તારમાં લારી ચલાવતા ભૂષણભાઈ યાદવ પોતાની વ્યથા ઠાલવતા જણાવે છે કે, "છેલ્લા ચાર-પાંચ દિવસથી ગેસના બાટલા મળતા નથી. જો ધંધો બંધ રાખીએ તો પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બને છે. ગ્રાહકોની ભીડ હોવા છતાં ગેસના અભાવે ચા બનાવવી અશક્ય બની જતાં હવે અમે ઇલેક્ટ્રિક સગડી ખરીદવાનું વિચારી રહ્યા છીએ."

બજારમાં સામાન્ય ઇલેક્ટ્રિક સગડી ૧,૨૦૦ થી ૨,૫૦૦માં મળે છે, જ્યારે ઉચ્ચ ક્ષમતા ધરાવતી ડબલ પ્લેટ સગડીનો ભાવ ૪,૫૦૦ સુધી પહોંચે છે. નાના વેપારીઓ માટે આ એકીસાથે થતો મોટો ખર્ચ છે.

સુરત શહેર...

ચકાસણી કરવામાં આવી રહી છે. કૃત્રિમ અછત ઊભી ન થાય ઉપરાંત ગેસનો પુરવઠો સુનિશ્ચિત રહે તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે તમામ ગ્રાહકોને અપીલ કરી હતી કે ગ્રાહકો કોઈપણ પ્રકારની અફવાઓ પર વિશ્વાસ ન કરે અને પોતાની જરૂરિયાત મુજબ જ ગેસ સિલિન્ડર બુકિંગ કરાવે.

એસોજીના DCP રાજદીપસિંહ નકુમે જણાવ્યું કે, SOG અને સંબંધિત વિભાગો દ્વારા ગેસ પુરવઠાની વ્યવસ્થા, સંગ્રહખોરી કરનારા પર સતત નજર રાખવામાં આવી રહી છે.

250 વિવિંગ...

આવ્યો છે.પાંડેસરા - ભેસ્તાન રોડ પર આવેલી શ્રીરામ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 250 વિવિંગ એકમો આવ્યા છે.જેમાં 2000 કારીગરો કામ કરે છે. વિવિંગ ઉદ્યોગમાં યાર્નના રોલા, જરીને હિટ આપવા,અને ગ્રે કાપડને હિટિંગ આપવા કોમર્શિયલ ગેસની સપ્લાય જરૂરી છે .સુરતના વિવિંગ ઉદ્યોગને છેલ્લા 6 દિવસથી કોમર્શિયલ LPG ગેસના સિલિન્ડરની ડિલિવરી બંધ થઈ ગઈ છે. એને લીધે રેપિયર,વોટર જેટ,એર જેટ અને લાખો સાદા પાવર લુમ્સ સંચાલકો ચિંતામાં મુકાયા છે.એ પૈકી ઘણા LPG ગેસના અભાવે કામ કરતા અટકી ગયા છે.

કાંઠા સુગર...

ખાંડના વેચાણ બાદ લોનના ગેરેન્ટર ધી સુરત પીપલ્સ બેંક દ્વારા એન.સી.ડી.સી.ને ચૂકવવાના બદલે ફરી વધુ લોન મેળવવા કાર્યવાહી કરવામાં આવી હતી. જે પ્રક્રિયામાં સુગરના ગોડાઉનમાં ગત તા.૧૭/૧૧/૨૦૨૩ના રોજ ખાંડનો સ્ટોક માત્ર ૪,૦૨૨ ક્વિન્ટલ હોવા છતાં ધી પીપલ્સ બેંકે ખાંડનો સ્ટોક ૫૯,૪૦૨ ક્વિન્ટલના પત્રક ઉપર ખોટું ફિઝિકલી વેરિફિકેશન કરી આ પત્રકનો ખરા તરીકે ઉપયોગ કરી ખાંડનું વેચાણ થતાં જ લોન ભરપાઈ કરાવવાની કાયદાકીય ખાતરી આપી એન.સી.ડી.સી.માંથી ફરી તા.૨૨/૧૧/૨૦૨૩ના રોજ રૂ.૯,૩૫,૯૫,૦૦૦ની લોન કાંઠા સુગરને અપાવી હતી. જો કે, આ ખાંડ ધી પીપલ્સ બેંકની નિગરાની હેઠળ વેચાઈ ગયા પછી આ રકમ ધી સુરત પીપલ્સ બેંકમાં જમા લઈ સુગરના બેંક ખાતામાં જમા કરાવી હતી અને એન.સી.ડી. સી.ને લોન ચૂકવી દેવા આંખ આડા કાન કર્યા હતા. જો કે, સુગરની બોર્ડે પણ શેરડી નાંખનારા સભાસદોને ફૂટી પાઈ ન ચૂકવી અન્યત્ર ખર્ચ કરતાં સુગરની તિજોરી ખાલી થઈ જતાં આ કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો.

કાંઠા સુગરના